## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




હવે અમે રાવણ નહીં બાળીએ.. બસ...?

# વાવોલ-કોલવડા ચોકડીએ તુટી રહેલું ગરનાળું અત્યંત જોખમી બન્યું

## સતત ભારે વાહનો સહિતના ટ્રાફિકથી ધમધમતા આ માર્ગ પર કોઇ મોટો અકસ્માત સર્જાય અને કોઇનો ભોગ લેવાય તે પહેલાં સમારકામ કરવું જરૂરી

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર મહાનગર પાલિકામાં સમાવિષ્ટ વાવોલ ખાતે વાવોલ-કોલવડા ચાર રસ્તા નજીક પુન્દ્રાસણ તરફના માર્ગે જતાં કેનાલ પર બનાવાયેલું ગરનાળાની એક તરફના ભાગે રોડનું ધોવાણ થઈ રહ્યું છે જેના કારણે સતત ટ્રાફિકથી ધમધમતાં આ માર્ગે અકસ્માતનું જોખમ તોળાઈ રહ્યું છે. આ માર્ગ પર ભારે વાહનોની અવરજવર ઉપરાંત ચાર રસ્તા નજીક અનેક રહેણાંક સોસાયટીઓ આવેલી હોવાથી અહીંના રાહદારીઓ તેમજ સામાન્ય નાના વાહનચાલકો માટે પણ જોખમી સ્થિતિ જોવાઈ રહી છે.

વાવોલ-કોલવડા ચાર રસ્તા પાસે જોગણી માતાના મંદિર નજીકનું ગરનાળું સતત ૨૪ કલાક ટ્રાફિકથી ધમધમતું રહે છે કેમકે આ કલોલ તરફના ટ્રાફિકનો મુખ્ય માર્ગ હોવા સાથે ગરનાળાંથી આગળ નવો બાયપાસ રોડ બન્યો હોવાથી એસટી અને લક્ઝરી બસ, ટ્રક, ટ્રેલર, ટેક્કર સહિતના ભારે વાહનોની અવરજવર રહે છે. વળી ગરનાળાથી પેલી તરફ પણ હવે અનેક રહેણાંક સોસાયટીઓનો વિકાસ થયો હોવાથી સામાન્ય નાગરિકો નોકરિયાતો, ધંધાર્થીઓ ઉપરાંત જેમાં વિદ્યાર્થીઓ, મહિલાઓ અને સિનિયર સિટિઝન નાગરિકોનો પણ સમાવેશ થાય છે તેમના માટે ગાંધીનગર તરફનો આ મુખ્ય માર્ગ છે. વહેલી સવારથી અહીં મોર્નિંગ વોકર્સથી માંડીને અનેક રાહદારીઓ, સાયકલ અને ટુવ્હિલર્સ ચાલકો સહિતના વાહનચાલકોની આવનજાવન રહે છે. આ ગરનાળાંની એક તરફ સિક્યુરિટી રેલીંગ જોવા મળે છે પરંતુ બીજી તરફ જ્યાં ગરનાળાનું ધોવાણ થઈને રોડ તુટી રહ્યો છે ત્યાં કોઈ રેલીંગ પણ નથી તેથી જો સામેથી કોઈ મોટું વ્હિકલ આવતું હોય તો આ તરફના વાહનચાલકને પોતાનું વાહન સાઈડમાં લેવા માટે જગ્યા રહેતી નથી અને જો રોડના ધોવાણ તરફ નજર ના પડે તો તે વાહન સીધું ૧૨ થી ૧૫ ફુટ નીચે જઈને પટકાઈ શકે છે. કોઈ મોટો અકસ્માત સર્જાય તે પહેલાં આ જોખમી ગરનાળાંનું સમારકામ કરવું અત્યંત જરૂરી જણાય છે.



## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- તલાટીઓના પ્રશ્નો અંગે આગામી દિવસોમાં તેમની સાથે વાટાઘાટો કરી ઉકેલ લાવવામાં આવશે તેમ જીતુ વાઘાણીએ જણાવ્યુ હતુ.
- માણસા ન.પા.એ સરકારી પ્રા. શાળાઓને મારેલા સિલ ગઈ મોડી રાત્રે ખોલી નાખવામાં આવ્યા છે.
- ધી ગુજરાત સચિવાલય ફેડરેશનના પ્રમુખ જયેશ રાવલ અને મહેશસિંઘ વાઘેલાએ નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવને પત્ર લખી ઓક્ટો. માસનો પગાર ૨૫-૨૬ની આસપાસ દિપાવલી પર્વને ધ્યાનમાં રાખી કરવા માંગ કરી છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોવિડ વેક્સિનેશન અભિયાન હેઠળ આજે ૮ હજારથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.
- ગાંધીનગર જિલ્લામાં નવરાત્રી પર્વની ઉજવણી અંગે તૈયારીઓ તેના અંતિમ તબક્કામાં પ્રવેશી છે.
- તાલુકા વિકાસ અધિકારી સંવર્ગમાં બઢતીથી સ્થાન મેળવવા માટે આજથી ત્રિદિવસીય પરીક્ષાઓ શરૂ થઈ છે. ગાંધીનગર જિલ્લાના ૨૦ નાયબ ચીટનીસ આ પરીક્ષામાં બેઠા છે.
- ગાંધીનગર શહેરમાં આજે સાંજે થયેલા વરસાદથી વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો.

# સેક્ટર-૫ ખાતે રહેતા નિવૃત્ત પીઆઈનો ભત્રીજો ગુમ થતા ફરીયાદ

ગાંધીનગર શહેરના સેક્ટર-૫ ખાતે રહેતા નિવૃત પીઆઈનો માનસિક રીતે વિશિષ્ટ ૧૫ વર્ષીય ભત્રીજો છેલ્લા અઠવાડીયાથી ગુમ થયો છે. આ કિશોર અત્યાર સુધીમાં ૧૪ મી વખત ઘરેથી નીકળી ગયો છે અને પરત આવી પણ ગયો છે. જો કે ૧૫ મી વખત ઘરે થી ચાલ્યા ગયા બાદ આજદિન સુધી ભત્રીજો પરત ન ફરતા નિવૃતિ પીઆઈ દ્વારા સેક્ટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવવામાં આવી છે. શહેરના સેક્ટર-૫ ખાતે રહેતા કે.એમ. પરમાર વર્ષ ૨૦૦૬માં પીઆઈ તરીકે વય નિવૃત થયા છે. જયારે નિવૃત પીઆઈનો દિકરો પરિવાર સાથે અલગ રહે છે. નિવૃત પીઆઈ વતનમાં રહેતા તેમના ભાઈ તેની પત્ની તેમજ ભત્રીજો માનસિક વિશિષ્ટ હોવાનું સામે આવ્યું છે. જેને પગલે નિવૃત પીઆઈ આઠ વર્ષથી પોતાની સાથે રાખે છે.ગત તા.૨૯ સપ્ટેમ્બરના રોજ સવારના સમયે તેમનો ભત્રીજો ઘરે થી નીકળી ગયો હતો. તેનો આસપાસના વિસ્તારમાં શોધખોળ કરવા છતા કોઈ અત્તો પત્તો લાગ્યો ન હતો. જો કે ઘરે થી ચાલ્યા ગયા પછી નિવૃત પીઆઈનો ભત્રીજો બે ત્રણ દિવસ બાદ આપમેળે જ ઘરે આવી જતો હતો. આ વખતે પણ બે ત્રણ દિવસમાં આવી જશે તેમ નિવૃત પીઆઈ માની રહ્યા હતા.

# ટીબીની દવાનું વેચાણ કરતાં તમામ મેડિકલ સ્ટોરે દવા વેચાણ અંગેની માહિતી ફરજીયાત આપવી પડશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા ટીબી ફોરમ કમિટીની બેઠક આજરોજ જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં સરકાર દ્વારા ચાલતા રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ દ્વારા ટીબી નાબૂદ કરવા માટેના મુદ્દાઓ વિશે ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં ગાંધીનગર જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે, ટીબીના દર્દીઓનું નિદાન, સારવાર સમયસર થાય તેની તકેદારી રાખવાનું ખૂબ જરૂરી છે. તેમજ ટીબીના દર્દીને સારવાર દરમ્યાન કોઈપણ પ્રકારનો ખર્ચ કરવો ના પડે અને લોકોમાં ટીબી રોગ અંગેની જાગૃત્તિ આવે તે માટે પ્રચાર-પ્રસારની કામગીરી યોગ્ય રીતે કરવા પણ ભારપૂર્વક જણાવ્યું હતું.

કલેકટરે ઉમેર્યું હતું કે મેડિકલ સ્ટોરમાં ટીબીની દવાનું વેચાણ કરતાં તમામ મેડિકલ સ્ટોરે ટીબી વિભાગને વેચાણ અંગેની માહિતી ફરજીયાત આપે તેવી સુચારું વ્યવસ્થા ગોઠવવા સંબંધિત અધિકારીને સૂચના આપી હતી. ફૂડ અને ડ્રગ કચેરીના કર્મયોગીઓને જિલ્લાના તમામ મેડીકલ સ્ટોરનું સઘન સુપરવિઝન કરવાનું પણ ભારપૂર્વક જણાવ્યું હતું. ટીબીના દર્દીને સરકારશ્રી દ્વારા સામાજિક સહાય સરળતાથી મળી રહે તેવું આયોજન કરવામાં ખાસ સૂચના આપી હતી. દર્દીઓને ન્યુટ્રેશન કીટ મળી રહે તે દિશામાં યોગ્ય કામગીરી કરવાનું પણ જણાવ્યું હતું.

આ બેઠકમાં ગાંધીનગર જિલ્લામાં ચાલતા ટીબી ના કાર્યક્રમ અંતર્ગત ટીબીના દર્દીઓને મળતી સહાય અંગેની માહિતી આપવામાં આવી હતી. હાલમાં ટીબીના દર્દીની તપાસ માટે અદ્યતન સુવિધાઓ જેવી કે માઈક્રોસ્કોપી, સીબીનાટ, ટુ નાટ, એક્સરે , સોનોગ્રાફી વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. ટીબીના દર્દીઓ નિયમિત દવા લે છે કે તે માયે એધરન્સ વિશેની માહિતી અંગે ૯૯ ડોટ્સ, મમ બોક્સ, જેવી ટેકનિકલ સુવિધાઓ વિશેની, સાથે સાથે ટીબીના રોગ માટે ફિક્સ ડ્રગ કોમ્બિનેશન, બેડાકવેલીન, ડેલામીનીડ, જેવી સારી ગુણવત્તા યુક્ત દવા વિશેની માહિતી આપવામાં આવી હતી.

ટીબીના રોગ વિષેની માહિતી લોકો સુધી સરળતાથી મળી રહે તે હેતુસર ટીબી આરોગ્ય સાથી એપલિકેશન વિશેની માહિતી આપેલ, જિલ્લામાં દર માસના બીજા અને ચોથા મંગળવારના રોજ ટીબીના કેસ શોધવા માટે એકટિવ કેસ ફાઈન્ડિંગની સર્વેની કામગીરી કરવામાં આવે છે તેની જાણકારી આપવામાં આવી હતી. તારીખ ૦૨/૦૯/૨૧ થી તારીખ ૧/૧૧/૨૧ સુધી ટીબીના કેસ શોધવા માટે એકટીવ કેસ ફાઈન્ડિંગ એકટીવી શરૂ કરવામાં આવી રહી છે, તેનાથી સર્વે કમિટીના સભ્યોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

# કોલવડા ગામે યુવકને માર મારી ઈજા પહોંચાડતા ફરીયાદ

ગાંધીનગર, તા.૬

કોલવડા ગામે પટેલ ભાગોળ ખાતે સામાન્ય બાબતે તકરાર થતા ગામના જ યુવકને ગડદા-પાટુ અને તલવાર તેમજ ધોકા વડે માર મારી ઈજા પહોંચાડતા ત્રણ વ્યકિત સામે ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ શરુ કરી છે.

કોલવડા ગામે પટેલ ભાગોળ પંખીઘરની સામે રહેતા ઘનશ્યામભાઈ વિષ્ણુભાઈ પટેલ ખેતીકામ કરે છે. ગત તા.૪ ના રોજ સાંજના સુમારે તેઓ પાર્લરના નજીક ઓટલા પર બેઠા હતા. તે સમયે ગામના સંજયભાઈ દિનેશભાઈ પટેલ જેમ ફાવે તેમ અપશબ્દો બોલતા હતા.જેથી ફરીયાદીએ કેમ ગાળો બોલો છો તેમ કહેતા સંજયભાઈ ઉશ્કેરાઈ ગયા હતા. તેઓનું ઘર નજીકમાં હોવાથી તેમના પિતાજી દિનેશ ડાહ્યાભાઈ પટેલ અને સંજયભાઈનો નાનો ભાઈ સિધ્ધરાજ આવી ગયા હતા. ત્યારે સંજયભાઈ, તેમના પિતાજી દિનેશભાઈના હાથમાં તલવાર અને સિધ્ધરાજભાઈના હાથમાં ધોકો હતો. ત્રણેય જણાએ ફરીયાદીને ગાળો બોલી ઝઘડો કરતા તે નીચે પડી ગયા હતા. તે સમયે કપાળના ડાબી બાજુએ તેમજ હાથે પગે ઈજા પહોંચતા ત્રણેય જણા મારી નાંખવાની ધમકી આપી જતા રહ્યા હતા. જયારે ઈજાગ્રસ્તને ૧૦૮માં સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. જયારે કપાળ અને બે હાથે ટાંકા સહિત બંન્ને હાથે ફ્રેકચર હોવાનું પણ સામે આવ્યું હતું.

# ગુજરાત ઈઝરાયેલ કલ્ચરલ એન્ડ ઈકોનોમિક ફોરમનું લોંચિંગ કરાયું

## પ્રાચીન સંસ્કૃતિ ધરાવતા ઈન્ડિયા-ઈઝરાયેલના સંયુકત વિકાસ પર ભાર મુક્તા ઈઝરાયેલના ભારત ખાતેના કોનસ્યુલ જનરલ કોબ્બી શોસાની

ગાંધીનગર તા.૦૬

ભારત શોધ સંસ્થાન દ્વારા ગુજરાત યુનિવર્સિટી ખાતે ઈન્ડીયા - ઈઝરાયલ એન્સિએન્ટ




સિવિલાઈઝેશન ક્રિએટીંગ કમ્બાઈન્ડ ફ્યૂચર વિષય પર ખાસ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુંબઈ ખાતેની કોન્સ્યુલેટ જનરલ ઓફ ઈઝરાયલના કોનસ્યુલ જનરલ કોબ્બી શોસાની, ભારત શોધ સંસ્થાનના ટ્રસ્ટી તેમજ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન પ્રેસિડેંટના આર બી પટેલ, ×જીતો×ના પ્રેસિડેન્ટ કૌશલ ભણસાલી તથા ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાંસલર હિમાંશુ પંડ્યા સહિત ભારત તેમજ ઈઝરાયેલના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ગુજરાત ઈઝરાયેલ કલ્ચરલ એન્ડ ઈકોનોમિક ફોરમ - જીઆઈસીઈએફની પણ રજૂઆત કરાઈ હતી.

અ ે િ ન સ અ ે ન ટ સિવિલાઈઝેશન ક્રિએટીંગ કમ્બાઈન્ડ ફ્યૂચર વિષય પર કોબ્બી શોસાનીનું ખાસ સેશન આયોજિત કરવામાં આવ્યું હતું જેમાં તેમણે ગુજરાત અને ઈન્ડિયાના સંબંધો, કલ્ચર, સંસ્કૃતિ વિશે વિસ્તારથી વાત કરી હતી. ઉપરાંત તેમણે ગુજરાત અને ઈઝરાયલ સાથે જોડાતા આશાસ્પદ ક્રાંતિ આવશે તેવું જણાવ્યુ હતું. વધુમાં જણાવ્યું હતુ કે જીઆઈસીઈએફનું મહત્વ એટલા માટે છે કેમ કે, ગુજરાતીઓ અને ઈઝરાયલવાસીઓ બંનેમાં સાહજિક ઉધોગસાહસિકતા જોવા મળે છે. વૈશ્વિક પ્લેટફોર્મ પર ગુજરાત અને ઈઝરાયલ સાથે મળીને વિકાસ કરી શેક છે. ગુજરાત ઈઝરાયેલ કલ્ચરલ એન્ડ ઈકોનોમિક ફોરમ આ બંને શકિતશાળી સમુદાયો વચ્ચે બિઝનેસ ટુ બિઝનેસ અને બિઝનેસ ટુ ગ્લોબલ જોડાણ વધારવામાં એક બીજા સાથે જોડાઈ ટેકનોલોજીનો ઉપયોગ કરી ખભ્ભેથી ખભ્ભો મિલાવી એક બીજાના સાથથી આગળ વધશે જેમાં ઈઝરાયલની ટેકનોલોજી અને ગુજરાતનું પબ્લિક સેકટર એક બીજાને કામ આવશે.


# મ.દે.ગ્રામસેવા સંકુલ સાદરા ખાતે ‘દીક્ષારંભ‘ સમારોહનો ઉદઘાટન કાર્યક્રમ યોજાયો

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા ખાતે નવા પ્રવેશ લીધેલ વિદ્યાર્થીઓ માટે ‘દિક્ષારંભ‘ સમારોહનો ઉદ્દઘાટન કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં આશીર્વાદ આપવા માટે ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી ઓનલાઈન માધ્યમ દ્વારા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને અભ્યાસકાળ દરમિયાન શિક્ષણ ઘડતરની તાલીમ પ્રાપ્ત કરવાની છે તેની વાત કરી હતી. કાર્યક્રમમાં ઉદઘાટક તરીકે સંયોજક રમેશભાઈ પટેલ તથા અધ્યાપકો અને વિદ્યાર્થીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. સંયોજક રમેશભાઈ પટેલે પ્રવચનમાં વિદ્યાપીઠનો પરિચય, વિવિધ પરિસરો અને વિભાગોનો પરિચય આપ્યો હતો. આભાર દર્શન ડૉ. દિવ્યેશ ભટ્ટે કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતીભાઈ દેવુંએ કર્યું હતું. દીક્ષારંભ કાર્યક્રમમાં બે દિવસ દરમિયાન વિવિધ વિષયો પર ચર્ચા કરવામાં આવશે.



સર્જન વોટરટેક ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ ખાતે બધા જ વર્કર્સ, સ્ટાફ તથા તેમના પરિવાર માટે કંપનીમાં કોવિડ-૧૯ રસીકરણનું આયોજન રાખવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે કંપનીના સ્થાપક સુનિલભાઈ ત્રિવેદી તેમની કોવિડ લોકડાઉન દરમ્યાન પણ ‘સર્જન ટીમ’ને પોતાના પરિવારની જેમ સાચવીને પ્રોત્સાહિત કરી હતી. તેઓનું લક્ષ્ય સંસ્થાને ‘એમ્પ્લોયર ઓફ ધ ચોઈસ’ બનાવવાની છે.

સત્યમેવ જયતે
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર
રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન
આઝાદી નો અમૃત મહોત્સવ





રાજ્યમાં વધુ 18 PSA ઑક્સિજન પ્લાન્ટ્સના લોકાર્પણ સાથે આરોગ્ય સેવા બનશે વધુ વેગવંતી અને સુદ્રઢ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાની હેઠળ રાજ્યની વિવિધ સરકારી હૉસ્પિટલોમાં અત્યાર સુધી ૨૬૧ પ્લાન્ટ્સ સ્થાપિત થઈ ચૂક્યા છે. જે ૨૦૪ મેટ્રિક ટનની ઉત્પાદન ક્ષમતા ધરાવે છે.




સમગ્ર રાજ્યમાં આજે
PM CARES ફંડ અંતર્ગત
ભરૂચ, પાટણ, પાલનપુર, થરાદ,
ખેડબ્રહ્મા, ભિલોડા, માણસા, વડનગર,
ગોધરા, સંતરામપુર, ગરુડેશ્વર, ન્યૂ સિવિલ
હૉસ્પિટલ સુરત, સ્મીમેર હૉસ્પિટલ સુરત, સોલા સિવિલ અને ગાંધીધામ
જ્યારે ગુજરાત CSR ઑથૉરિટીના રાજપીપળા, ઝાલોદ તથા મોરબી ખાતે
નવા સ્થાપિત PSA પ્લાન્ટ્સ રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવી રહ્યા છે.

ઑક્સિજન પ્રબંધન બાબતે દરેક દિશામાં કરીને નક્કર પ્રયાસ,
કોરોના સામે સજ્જ છે ગુજરાત સરકાર